PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૭/કવા–૦૪/૧૭–૧૮/ 4763 (10) તા. 29-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ઘરણાંત માલદે માડમ,
ગામ: દેવળીયા
તા. કલ્યાણપુર
જી: દેવભુમી દ્રારકા
મો: ૯૫૧૦૫૪૦૬૫૨

વિષય :–સોલાર પમ્પસેટ મેળવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૭/કવા–૦૪/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે. (૯)

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

HB

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

D.A.

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્રારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૬૭/ક્વા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૨–૦૫–૧૮ સ્થળ : જામનગર

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ઘરણાંત માલદે માડમ, ગામ: દેવળીયા

રજુઆત કરનાર: અરજદાર શ્રી ઘરણાંત માલદે માડમ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :કે.સી.ચૌહાણ – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : સોલાર પમ્પસેટ મેળવવા બાબત

મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ખેતીવાડી માટે ની જમીન ગામ:દેવળીયા ખાતે આવેલ છે. જેના સર્વે નંબર: ૫૩૦ પૈકી ની જમીન માં – તેઓએ સોલાર વીજ માટે ની રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને તા.૦૫–૦૭–૧૬ ના રોજ નોંધણી કરાવેલ છે. તેમજ સોલાર પંપસેટ માટે ની નોંધણી પણ કરાવેલ હતી. તેઓએ આ બાબતે સામાવાળા ને રૂબરૂ મૌખીક રજુઆત તેમજ તા.૧૪–૦૨–૧૮ અને તા.૦૭–૦૪–૧૮ ના રોજ થી રજીસ્ટર્ડ ટપાલ દ્વારા પણ રજુઆત કરેલ હોવા છતા પણ – કોઈ જ પ્રત્યુતર તેઓને મળતો નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – અરજદાર શ્રી ઘરણાંત માલદે માડમ, ગામ: દેવળીયા ખાતે સોલાર પંપસેટ મેળવવા માટે ની અરજી ના અનુસંધાને – તા.૨૯–૦૫–૧૭ ના રોજ જાવક નં.–૩૪૮૦ થી ભાવપત્રક પાઠવવામા આવેલ. જે અરજદાર ને રૂબરૂ મા આપેલ છે, તેવી નોંધણી કરી અરજદાર ની સહી લીધેલ છે. વધુમા – પોસ્ટલ રજીસ્ટર તપાસતા સદર ભાવપત્રક પોસ્ટ દ્વારા – મોકલવામા આવેલ હોય તેવુ ઓફિસ રેકર્ડ દ્વારા જણાતુ નથી. આથી – સદર બાબતે – સદર ભાવપત્રક ની સમયમર્યાદા વધારી આપવાની મંજુરી સક્ષમ કચેરી પાસેથી મેળવી, ત્યારબાદ ની કામગીરી ત્વરીતે હાથ ધરવામા આવશે. |

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદારે ખેતીવાડી વીજજોડાણ માટે ની રૂ.૨૦૦/– નોંધણીચાર્જ ભરપાઈ કરીને તા.૦૫–૦૭–૧૬ ના રોજ નોંધણી કરાવેલ છે, અને સોલાર યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ માટે નોંધણીચાર્જ રૂ.૧,૦૦૦/– ભરપાઈ કરીને તા.૦૫–૦૭–૧૬ ના રોજ થી અરજી કરેલ છે. પરંતુ, અરજદાર ને સદર બાબતે કોઈ ભાવપત્રક મળેલ ન હોય – તેમજ તેઓની સાથે અરજી કરેલ – તેજ ગામ ના બીજા ખેડુતો ને સોલાર વીજજોડાણ મળી ગયેલ હોય – પરંતુ, તેઓને સદર બાબતે કોઈ સોલાર યોજના હેઠળ નુ ખેતીવાડી |

| | |
|---|---|
| | વીજજોડાણ મળેલ ન હોવાથી – તા.૦૬–૦૩–૧૮ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| **૩.૨** | ઉપરોકત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર દ્રારા કરાયેલ રજુઆત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે – અરજદાર શ્રી ઘરણાંત માલદે માડમ, ગામઃ દેવળીયા દ્રારા તેઓના ખેતીવાડી સર્વે નંબર ૭૩૦ પૈકી ૫ મા– ૦૫ હોપા નુ સોલાર યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ માટે તા.૦૫–૦૭–૧૬ ના રોજ ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ કક્ષાએથી જરૂરી નિયત ભાવપત્રક રકમ રૂ.૨૪,૦૦૦/– નુ તા.૨૯–૦૫–૧૭ ના રોજ અરજદાર ને રૂબરૂ પાઠવેલ છે, જે ભરપાઈ કરવાની છેલ્લી તારીખ – ૨૩–૦૬–૧૭ હતી. તેમજ, સદર ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ દ્રારા અપાયેલ હોય તેવુ ઓફિસ રેકર્ડ દ્રારા જણાતુ નથી, કે આધાર–પુરાવો રજુ કરાયેલ નથી. |
| **૩.૩** | અરજદાર ની અરજી તા.૦૫–૦૭–૧૬ ના અનુસંઘાને – પેટા વિભાગીય કચેરી ના પત્ર નંબરઃ ૧૮૬૦ તા.૧૯–૦૩–૧૮ દ્રારા અરજદાર ને ભાવપત્રક રૂબરૂ સહી કરીને સબંઘક કચેરીમાથી અપાયેલ હોય – તેમજ ભાવપત્રક ની રકમ – નિયત સમયગાળા મા ભરપાઈ થયેલ ન હોવાથી – સોલાર યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી માન્ય રાખેલ નથી, અને અરજદાર ની સામાન્ય યોજના હેઠળ ની ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી ચાલુ રહેશે. જેનો અગ્રતાક્રમ આવતા – વીજજોડાણ આપવા માટે ની કાર્યવાહી હાથ ઘરવામા આવશે. |
| **૩.૪** | પીજીવીસીએલ પક્ષંકાર દ્રારા કરાયેલ રજુઆત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે અને ઉપરોકત મુદદા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે ના અનુસંઘાને – વિભાગીય કચેરી ના પત્ર તા.૧૬–૦૪–૧૮ મા જણાવ્યા મુજબ – સદર કેઈસ મા અરજદાર ને ભાવપત્રક ભરપાઈ કરવાની જરૂરી સમયમર્યાદા ની મંજુરી વર્તુળ કચેરી માથી મેળવી – ત્યારબાદ ની કામગીરી ત્વરીતે હાથ ઘરવામા આવશે. |
| **૩.૫** | સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે ના અનુસંઘાને – અરજદાર ઘરણાંત માલદે માડમ દ્રારા ગામઃ દેવળીયા ખાતે સોલાર પંપસેટ મેળવવા ની અરજી ના અનુસંઘાને – પીજીવીસીએલ કક્ષાએથી ભાવપત્રક અપાયેલ હોય તેવા આઘાર–પુરાવા ફોરમ સમક્ષ રજુ કરાયેલ ન હોય –જેથી, સદર નિયત ભાવપત્રક ભરપાઈ કરવાની જરૂરી સમયમર્યાદા ની જરૂરી મંજુરી મેળવી – અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ દ્રારા લેખીત મા જાણકારી આપવી. જે ભરપાઈ થયા બાદ પીજીવીસીએલ કક્ષાએથી નિયમાઘીન સઘન પ્રયાસ કરી અને માંગણી મુજબ નુ સોલાર વીજજોડાણ આપવાની કાર્યવાહી કરવી, તેમજ સદર બાબત ખૂબજ ગંભીર હોય – કસુરવાર કર્મચારી સામે યોગ્ય શિક્ષાત્મક કાર્યવાહી કરવાનુ સુચિત કરવામા આવે છે. તેમ પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ થી ૩.૪ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહી અને મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |
| **૪.૨** | વઘુમા – પીજીવીસીએલ પક્ષકાર ને ખાસ તાકીદ સાથે જણાવવામા આવે છે કે – ભવિષ્ય મા ભાવપત્રક ની નકલ અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ દ્રારા જ આપવાની રહેશે, અને ત્યારબાદ શકય હોય તો – અરજદાર ને ટેલીફોનીક / મેસેજ મારફત જાણકારી આપવી. જેથી ભવિષ્ય માં ઉપરોકત બાબતે ની તકરાર ઉપસ્થિત ન થાય. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ઘામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંઘક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંઘા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.